# ગ્રામ્ય વિસ્તારોમાં કેરોસીનનું વિતરણ શરૂ

**એલપીજીની અછત વચ્ચે રાજ્ય સરકારનો મોટો નિર્ણય**

**પરિવારને 5 અને સંસ્થાઓને 25 લિટર કેરોસીન અપાશે**

ગાંધીનગર : ઈરાન યુદ્ધના પ્રભાવને કારણે સમગ્ર દેશમાં LPG ગેસની અછત ઉભી થતાં ગુજરાત સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ગેસના વિકલ્પ તરીકે હવે કેરોસીનનું વિતરણ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

રાજ્ય સરકારે કેન્દ્ર સરકારની સૂચના અનુસાર કેરોસીન ડીલર એસોસિયેશન અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે મળીને વધારાની વિતરણ વ્યવસ્થા ગોઠવી છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને કુલ 1452 KL કેરોસીન ફાળવવામાં આવ્યું છે, જ્યારે રાજ્ય સરકારે તમામ જિલ્લાઓમાં 36 KL કેરોસીન ફાળવવાની યોજના અમલમાં મૂકી છે.

આ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં પરિવારોને 5 લિટર અને સંસ્થાઓને 25 લિટર કેરોસીન ફાળવવામાં આવશે. મોટા પરિવારો અને મોટી સંસ્થાઓને પ્રાથમિકતા આપવામાં આવશે. આ કેરોસીનનો ઉપયોગ માત્ર રસોઈ અને પ્રકાશ માટે જ કરી શકાશે.કેરોસીન ફાળવણી માટે અરજીઓ સ્વીકારવા માટે NIC દ્વારા ખાસ ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે, જે ગત સોમવારથી શરૂ કરવામાં આવ્યું છે. અરજદારો https://ipds.gujarat.gov.in/ પર જઈને ઓનલાઈન અરજી કરી શકે છે.

# કુરિયર નિકાસ પર 10 લાખની મર્યાદા રદ

**સરકારના સુધારાઓનું GJEPC દ્વારા સ્વાગત, પરંતુ ઝવેરાત માટે જોખમ-આધારિત ધોરણોનો વિસ્તાર કરવાની માંગ**

સુરતઃ કેન્દ્રિય બજેટ પછી ભારત સરકારે 31 માર્ચ, 2026ના રોજ કુરિયર નિકાસ અને પુનઃ આયાત પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે મહત્ત્વપૂર્ણ સુધારાઓ જાહેર કર્યા છે. આ સુધારાઓ ખાસ કરીને ઈ-કોમર્સ નિકાસકારોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યા છે, જેથી ક્રોસ-બોર્ડર રિટર્ન અને લોજિસ્ટિક્સમાં થતી મુશ્કેલીઓ ઘટાડવામાં આવે.

સુધારાઓમાં સૌથી મોટો નિર્ણય કુરિયર મોડ દ્વારા નિકાસ માટે પ્રતિ-કન્સાઈનમેન્ટ 10 લાખની મર્યાદા દૂર કરવાનો છે. અગાઉ લાગુ આ મર્યાદા હવે 1 એપ્રિલ, 2026થી અમલમાં નથી, જેથી રજિસ્ટર્ડ કુરિયર મારફતે હવે અમર્યાદિત મૂલ્યના શિપમેન્ટ મોકલી શકાય છે. આ નિર્ણયથી ખાસ કરીને રત્ન અને ઝવેરાત સહિતના હાઈ-વેલ્યુ સેક્ટરને સીધો ફાયદો થવાનો છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા પરિપત્ર નં. 17/2026 અને સૂચના નં. 08/2026-કસ્ટમ્સ મારફતે રિટર્ન અને રિજેક્ટેડ માલ માટે નવી સરળ પ્રક્રિયા પણ જાહેર કરવામાં આવી છે. નવા નિયમો મુજબ હવે મોટાભાગના કુરિયર રિ-ઈમ્પોર્ટ્સ માટે જોખમ-આધારિત અભિગમ અપનાવવામાં આવશે, જેથી અનાવશ્યક ચકાસણીમાં ઘટાડો થશે. જોકે, કિંમતી અને નકલી ઝવેરાતને આ છૂટમાંથી બહાર રાખવામાં આવ્યા છે.

GJEPC ના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે સરકારના આ સુધારાઓ પ્રગતિશીલ અને ઉદ્યોગ મૈત્રીપૂર્ણ છે. તેમણે ખાસ કરીને 10 લાખની મર્યાદા દૂર કરવાના નિર્ણયને "સીમાચિન્હરૂપ" ગણાવ્યો હતો. તેમ છતાં તેમણે ઝવેરાત ક્ષેત્ર માટે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે જોખમ-આધારિત સિસ્ટમમાંથી આ ક્ષેત્રને બહાર રાખવું સ્પર્ધાત્મકતા માટે અવરોધરૂપ બની શકે છે. GJEPC દ્વારા લાંબા સમયથી તમામ રિટર્ન માટે સમાન જોખમ-આધારિત વ્યવસ્થા લાગુ કરવાની માંગ કરવામાં આવી રહી છે.

કાર્યક્ષમતા વધારવા માટે, સરકાર દ્વારા 15 દિવસથી વધુ સમય સુધી કુરિયર ટર્મિનલ પર પડેલા અસ્પષ્ટ અથવા અનક્લેઈમ્ડ માલ માટે "રીટર્ન ટુ ઓરિજિન" (RTO)ની મંજૂરી આપવામાં આવી છે, શરતે કે તે માલ પ્રતિબંધિત કે તપાસ હેઠળ ન હોય. આ પગલાથી કુરિયર ટર્મિનલ્સ પરની ભીડ ઘટાડવામાં અને ક્લિયરન્સ પ્રક્રિયા ઝડપી બનાવવામાં મદદ મળશે. આ ઉપરાંત, કુરિયર આયાત અને નિકાસ નિયમો, 2010 તથા 1998માં પણ જરૂરી સુધારાઓ સૂચિત કરવામાં આવ્યા છે, જેથી 15 દિવસ પછી અનક્લિયર થયેલા માલની ફરી નિકાસ સરળ બને અને મૂલ્ય આધારિત પ્રતિબંધો દૂર થાય.

ડિજિટાઈઝેશન તરફ એક વધુ પગલું તરીકે, એક્સપ્રેસ કાર્ગો ક્લિયરન્સ સિસ્ટમ (ECCS) માં "રીટર્ન મોડ્યુલ" શરૂ કરવામાં આવ્યું છે, જે રિટર્ન અને રિજેક્ટેડ શિપમેન્ટને ઝડપી અને પારદર્શક રીતે હેન્ડલ કરવા માટે રચાયેલુ છે.

આ તમામ સુધારાઓ 2026 માટેના વ્યાપક કસ્ટમ સુધારાનો ભાગ છે, જેનો મુખ્ય હેતુ "Ease of Doing Business"માં વધારો કરવો અને ભારતના ઝડપથી વિકસતા ઈ-કોમર્સ નિકાસ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાનો છે.

# કોંગ્રેસે ૨૪૩ ઉમેદવારોની પ્રથમ યાદી કરી જાહેર

**અમદાવાદમાં સૌથી વધુ ૯૦ અને રાજકોટમાં ૪૦ નામ પર મહોર**

અમદાવાદ : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના રણમેદાનમાં કોંગ્રેસે ભાજપ સામે ટક્કર લેવા માટે પોતાના પત્તા ખોલી દીધા છે. કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ સત્તાવાર રીતે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે, જેમાં મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના ૨૪૩ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે.

કોંગ્રેસે જ્ઞાતિગત સમીકરણો અને સક્ષમ ચહેરાઓને ધ્યાનમાં રાખીને પ્રથમ તબક્કામાં વિવિધ શહેરો માટે નીચે મુજબ ઉમેદવારો જાહેર કર્યા છે, કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રથમ યાદી મુજબ શહેરવાર ઉમેદવારોની સંખ્યા આ પ્રમાણે છેઃ અમદાવાદમાં 90, રાજકોટમાં 40, સુરતમાં 26, મોરબીમાં 23, જામનગરમાં 22, ભાવનગરમાં 22 અને વડોદરામાં 18 ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા આ પ્રથમ યાદી જાહેર થતાં રાજકીય માહોલ વધુ ગરમાયો છે. હવે આગામી તબક્કામાં બાકી રહેલી બેઠકો માટે પણ ઉમેદવારોની જાહેરાત થવાની શક્યતા છે, જેને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ ઉમેદવારોની યાદી જાહેર કરતાં જણાવ્યું હતું કે પાર્ટીએ 15 મહાનગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજ્યની તમામ ચૂંટણી માટે સંપૂર્ણ તૈયારી કરી છે. જન આક્રોશ યાત્રા દ્વારા લોકોની પીડા અને પ્રશ્નોને નજીકથી સમજ્યા બાદ સરકાર સામે તહોમતનામું પણ રજૂ કરવામાં આવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે કોંગ્રેસે કાર્યકરો સાથે વ્યાપક ચર્ચા કરીને સેન્સ પ્રક્રિયા હાથ ધરી હતી, જેના આધારે પ્રથમ તબક્કામાં ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. આ યાદીમાં સિટીંગ કોર્પોરેટરો સાથે નવા ચહેરાઓને પણ તક આપવામાં આવી છે, જેથી સમીકરણોને ધ્યાનમાં રાખી મજબૂત ટીમ ઉભી કરી શકાય.

### સેન્સ પ્રક્રિયા અને નવા ચહેરાઓને સ્થાન

કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે પક્ષે કાર્યકરો સાથે વિસ્તૃત ચર્ચા અને સેન્સ પ્રક્રિયા હાથ ધર્યા બાદ જ આ નામો નક્કી કર્યા છે. આ યાદીમાં જૂના અનુભવી સીટિંગ કોર્પોરેટરોની સાથે સાથે નવા અને યુવા નેતાઓને પણ તક આપવામાં આવી છે. કોંગ્રેસ દ્વારા રવિવારથી ત્રણ તબક્કામાં નામ જાહેર કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જેના ભાગરૂપે આજે પ્રથમ યાદી બહાર પાડવામાં આવી છે. હવે જોવાનું એ રહેશે કે આ ૨૪૩ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા બાદ ભાજપના ગઢમાં કેટલું ગાબડું પાડી શકે છે.

### સરકાર સામે 'તહોમતનામું' અને જનસંપર્ક

મનીષ દોશીએ વધુમાં કહ્યું હતું કે
- ૧૫ મહાનગરપાલિકાઓ અને સ્થાનિક સ્વરાજની અન્ય ચૂંટણીઓ માટે કોંગ્રેસે પૂરી કમર કસી છે.
- પક્ષે 'જન આક્રોશ યાત્રા' દ્વારા જનતાની પીડા અને પ્રશ્નોને નજીકથી જાણ્યા છે.
- લોકોની મુશ્કેલીઓ અને વહીવટી નિષ્ફળતા અંગે સરકાર સામે પક્ષે તહોમતનામું પણ જાહેર કર્યું છે.

## સુરત ડુમસ રોડ પર વધુ એક કાર ડિવાઇડર પર ચડી ગઇ



■ સુરત ડુમસ રોડ જાણે અકસ્માતનો પર્યાયી બની ગયો હોય તેમ લાગી રહ્યું છે. શનિવારે રાત્રે વધુ એક કાર અહીં ડિવાઇડર પર ચડી ગઇ હતી. (તસવીર : સતીષ જાદવ)

# પંજાબનો આતંકવાદી ઢાબા પર મજૂરી કરતો હતો

**પંજાબ ગ્રેનેડ સ્મગલિંગ કેસનો વોન્ટેડ આતંકીને ડીસામાંથી ઝડપી પાડતી ગુજરાત ATS**

ગાંધીનગર : ગુજરાત એટીએસ અને બનાસકાંઠા એસઓજીએ એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને પાકિસ્તાની ગેંગસ્ટર સહેજાદ ભટ્ટી ગેંગના સક્રિય સભ્ય અને પંજાબના ગ્રેનેડ સ્મગલિંગ કેસમાં વોન્ટેડ આરોપી બિક્રમજીતસિંઘ ઉર્ફે વિક્કીની ડીસા ખાતેથી ધરપકડ કરી છે.

પંજાબ પોલીસ દ્વારા શેર કરવામાં આવેલી બાતમીના આધારે ગુજરાત એટીએસના એસપી કે સિદ્ધાર્થ તથા નાયબ પોલીસ અધિક્ષક હર્ષ ઉપાધ્યાય અને તેમની ટીમે તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપી બિક્રમજીતસિંઘ અમૃતસરનો રહેવાસી છે અને ધરપકડથી બચવા માટે ડીસાના એક ઢાબામાં છૂટક મજૂરી કામ કરી રહ્યો હતો. એટીએસ અને બનાસકાંઠા એસઓજીની ટીમે વોચ ગોઠવીને તેને ઝડપી પાડ્યો હતો.

આ આરોપી વિરુદ્ધ પંજાબના અમૃતસર ખાતે સ્પેશિયલ ઓપરેશનલ સેલ (SSOC)માં તારીખ ૦૩/૦૪/૨૦૨૬ના રોજ ભારતીય ન્યાય સંહિતા (BNS), વિસ્ફોટક પદાર્થ અધિનિયમ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુજરાત એટીએસ દ્વારા આ ધરપકડ અંગે પંજાબ પોલીસને જાણ કરવામાં આવી છે અને આગળની કાર્યવાહી માટે આરોપીને પંજાબ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

### પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી બહાર આવેલી વિગતો

- મુખ્ય ભૂમિકાઃ આરોપી બિક્રમજીતસિંઘ પાકિસ્તાની ગેંગસ્ટર સહેજાદ ભટ્ટી અને આબિદ જટ્ટ સાથે મળીને ભારતમાં ગ્રેનેડ સપ્લાય કરવાનું અને સુરક્ષા એજન્સીઓના એકમો પર હુમલા કરવાનું કામ કરતો હતો.
- નેટવર્કઃ તે પંજાબથી દૂર રહીને સહેજાદ ભટ્ટી માટે સ્થાનિક યુવકોને ગેંગમાં જોડતો અને પોલીસ સ્ટેશન કે સુરક્ષા દળો પર હુમલાના કાવતરાં ઘડતો હતો.
- ISI એજન્ટઃ સહેજાદ ભટ્ટી પાકિસ્તાની ઇન્ટેલિજન્સ એજન્સી ISI માટે કામ કરતો ગેંગસ્ટર છે, જે ભારતના પંજાબ રાજ્યમાં આતંકવાદી પ્રવૃત્તિઓ ચલાવે છે.

## આમ આદમી પાર્ટીના સુરતના ઉમેદવાર

| | | |
|---|---|---|
| 1 | વોર્ડ નં. ૧ | રેખા એ. ત્રાડા |
| 2 | વોર્ડ નં. ૧ | કલ્પેશ બારોટ |
| 3 | વોર્ડ નં. ૧ | પ્રફુલ રાસડિયા |
| 4 | વોર્ડ નં. ૨ | કિરણ મેઘાણી |
| 5 | વોર્ડ નં. ૨ | દયા કે. પાનસુરિયા |
| 6 | વોર્ડ નં. ૨ | તુલશી લાલૈયા |
| 7 | વોર્ડ નં. ૨ | પરિમલ કાનાણી |
| 8 | વોર્ડ નં. ૩ | રિંકલ પોશીયા |
| 9 | વોર્ડ નં. ૩ | પ્રકાશ ચૌધરી |
| 10 | વોર્ડ નં. ૩ | મહેશ અણઘણ |
| 11 | વોર્ડ નં. ૪ | ઉષા એ. ગોહિલ |
| 12 | વોર્ડ નં. ૪ | સેજલ માલવિયા |
| 13 | વોર્ડ નં. ૪ | પંકજ ધામેલીયા |
| 14 | વોર્ડ નં. ૫ | શિલ્પા મારકણા |
| 15 | વોર્ડ નં. ૫ | સ્મિતા હિંમતભાઈ નારોલા |
| 16 | વોર્ડ નં. ૫ | ચિત્રેશ અનાજવાલા |
| 17 | વોર્ડ નં. ૬ | કાજલ ઘોઘારી |
| 18 | વોર્ડ નં. ૬ | પંકજ આંબલિયા |
| 19 | વોર્ડ નં. ૭ | અરુણા પાંડવ |
| 20 | વોર્ડ નં. ૭ | મુકેશ મોરડીયા |
| 21 | વોર્ડ નં. ૭ | પ્રતીક કાકલોતર |
| 22 | વોર્ડ નં. ૮ | એડવોકેટ. ભૂપત કોડીયાતર |
| 23 | વોર્ડ નં. ૮ | સાગર સવાણી |
| 24 | વોર્ડ નં. ૯ | જાગૃતિ જાની |
| 25 | વોર્ડ નં. ૯ | જીતેશ પટેલ |
| 26 | વોર્ડ નં. ૯ | રાજેશ ચૌહાણ |
| 27 | વોર્ડ નં. ૧૧ | ડોનિકા પટેલ |
| 28 | વોર્ડ નં. ૧૧ | રૂકશાનાબેન |
| 29 | વોર્ડ નં. ૧૧ | કલ્પેશ ટાંક |
| 30 | વોર્ડ નં. ૧૨ | એડવોકેટ સાહિના મલેક |
| 31 | વોર્ડ નં. ૧૨ | અશ્વિન માંગુકિયા |
| 32 | વોર્ડ નં. ૧૨ | ફિરોઝ મલેક |
| 33 | વોર્ડ નં. ૧૩ | આરતી એચ. વાઘેલા |
| 34 | વોર્ડ નં. ૧૩ | જતીન જરીવાલા |
| 35 | વોર્ડ નં. ૧૩ | અમિત રાણા |
| 36 | વોર્ડ નં. ૧૪ | શરદ ભોજવિયા |
| 37 | વોર્ડ નં. ૧૪ | નરેશ કીકાણી |
| 38 | વોર્ડ નં. ૧૫ | મમતા બારૈયા |
| 39 | વોર્ડ નં. ૧૫ | રમેશ આર. જિંજાલા |
| 40 | વોર્ડ નં. ૧૬ | અસ્મિતા પરમાર |
| 41 | વોર્ડ નં. ૧૬ | પાયલ સાકરિયા |
| 42 | વોર્ડ નં. ૧૬ | પ્રવીણ કાતરિયા |
| 43 | વોર્ડ નં. ૧૭ | રચના હિરપરા |
| 44 | વોર્ડ નં. ૧૭ | પંકજ ચાવડા |
| 45 | વોર્ડ નં. ૧૮ | મનીષા રાઠોડ |
| 46 | વોર્ડ નં. ૧૮ | ભરત પ્રજાપતિ |
| 47 | વોર્ડ નં. ૧૯ | રઇસાબેન શેખ |
| 48 | વોર્ડ નં. ૧૯ | મહેન્દ્ર રાજપુરોહિત |
| 49 | વોર્ડ નં. ૨૦ | વંદના સાલ્વે |
| 50 | વોર્ડ નં. ૨૦ | ભાનુબેન રબારી |
| 51 | વોર્ડ નં. ૨૦ | આરીફ મજીદ શાહ |
| 52 | વોર્ડ નં. ૨૧ | સંદીપ છાપાવાલા |
| 53 | વોર્ડ નં. ૨૧ | દિવ્ય ઠક્કર |
| 54 | વોર્ડ નં. ૨૨ | મોનિકા સંઘવી |
| 55 | વોર્ડ નં. ૨૨ | ગંગા વાઘમારે |
| 56 | વોર્ડ નં. ૨૨ | ધ્રુવરાજ પટેલ |
| 57 | વોર્ડ નં. ૨૨ | એડવોકેટ રૂબિન પટેલ |
| 58 | વોર્ડ નં. ૨૪ | રીટા બી. પટેલ |
| 59 | વોર્ડ નં. ૨૪ | અ હ ૯ ય ા સિં હ રાજપૂત |
| 60 | વોર્ડ નં. ૨૪ | ઉલ્હાસ માળી |
| 61 | વોર્ડ નં. ૨૪ | પૃથ્વીરાજ રાજપૂત |
| 62 | વોર્ડ નં. ૨૫ | એડવોકેટ મુમતાઝ મુલતાની |
| 63 | વોર્ડ નં. ૨૫ | સિમા જાવરે |
| 64 | વોર્ડ નં. ૨૫ | યોગેશ પાટીલ |
| 65 | વોર્ડ નં. ૨૬ | અસ્મિતા કે. કાતરિયા |
| 66 | વોર્ડ નં. ૨૬ | શ્રવણ જોષી |
| 67 | વોર્ડ નં. ૨૬ | મહેશ કુમાવત |
| 68 | વોર્ડ નં. ૨૭ | વીણા પટેલ |
| 69 | વોર્ડ નં. ૨૭ | વિજય પાટીલ |
| 70 | વોર્ડ નં. ૨૭ | વિકાસ મિશ્રા |
| 71 | વોર્ડ નં. ૨૮ | માનુષી પરમાર |
| 72 | વોર્ડ નં. ૨૮ | એડવોકેટ વિલાસ પાટીલ |
| 73 | વોર્ડ નં. ૨૯ | હર્ષિતા એ. પાટીલ |
| 74 | વોર્ડ નં. ૨૯ | જીવરામ પટેલ |
| 75 | વોર્ડ નં. ૩૦ | નિલેશ પાંભર |

## કોંગ્રેસ પાર્ટીની સુરતના ઉમેદવાર

| | | | |
|---|---|---|---|
| 1 | વોર્ડ નં. ૧ | પ્રતિમા બાબુલાલ પઢિયારી | સુરત મહાનગરપાલિકા |
| 2 | વોર્ડ નં. ૧ | આશાબેન વિનોદભાઈ સોનાવિયા | સુરત મહાનગરપાલિકા |
| 3 | વોર્ડ નં. ૧ | બોની જગદીશભાઈ પટેલ | સુરત મહાનગરપાલિકા |
| 4 | વોર્ડ નં. ૧ | કલ્પેશકુમાર સુરેશભાઈ રાણા | સુરત મહાનગરપાલિકા |
| 5 | વોર્ડ નં. ૪ | રેખાબેન અશોકભાઈ ભાલીયા | સુરત મહાનગરપાલિકા |
| 6 | વોર્ડ નં. ૪ | મમતાબેન હિતેશભાઈ સવાણી | સુરત મહાનગરપાલિકા |
| 7 | વોર્ડ નં. ૫ | કલ્પનાબેન હરીશભાઈ ગુર્જર | સુરત મહાનગરપાલિકા |
| 8 | વોર્ડ નં. ૫ | નીલમબેન હસમુખભાઈ વઘાસીયા | સુરત મહાનગરપાલિકા |
| 9 | વોર્ડ નં. ૫ | વિપુલભાઈ કનુભાઈ સેખડા | સુરત મહાનગરપાલિકા |
| 10 | વોર્ડ નં. ૭ | દક્ષાબેન પરસોત્તમભાઈ તરસરીયા | સુરત મહાનગરપાલિકા |
| 11 | વોર્ડ નં. ૯ | મો. સોહેલ મો. અમીન શેખ | સુરત મહાનગરપાલિકા |
| 12 | વોર્ડ નં. ૧૧ | સન્નીકુમાર રણછોડભાઈ પરમાર | સુરત મહાનગરપાલિકા |
| 13 | વોર્ડ નં. ૧૩ | રેહાના સઈદ સૈયદ | સુરત મહાનગરપાલિકા |
| 14 | વોર્ડ નં. ૧૩ | નીરવ જગદીશચંદ્ર રાણા | સુરત મહાનગરપાલિકા |
| 15 | વોર્ડ નં. ૧૮ | સંજય રામાધાર રામાનંદી | સુરત મહાનગરપાલિકા |
| 16 | વોર્ડ નં. ૧૮ | ખુમાનસિંહ હિંમતસિંહ દરજીવત | સુરત મહાનગરપાલિકા |
| 17 | વોર્ડ નં. ૧૮ | પ્રકૃતિબેન નરેશભાઈ રાઠોડ | સુરત મહાનગરપાલિકા |
| 18 | વોર્ડ નં. ૧૮ | મુનવ્વરજહાં રહેમાન શેખ | સુરત મહાનગરપાલિકા |
| 19 | વોર્ડ નં. ૨૨ | ગુલાબભાઈ લલ્લુભાઈ પટેલ | સુરત મહાનગરપાલિકા |
| 20 | વોર્ડ નં. ૨૩ | જયેશકુમાર હિતેન્દ્રકુમાર ભટ્ટ | સુરત મહાનગરપાલિકા |
| 21 | વોર્ડ નં. ૨૩ | ગણેશ સોહનલાલ જૈન | સુરત મહાનગરપાલિકા |
| 22 | વોર્ડ નં. ૨૬ | અપર્ણા રતિલાલ વૈષ્ણવ | સુરત મહાનગરપાલિકા |
| 23 | વોર્ડ નં. ૨૬ | રામમુરત યાદવ | સુરત મહાનગરપાલિકા |
| 24 | વોર્ડ નં. ૩૦ | સુરૈયા આરીફ શેખ | સુરત મહાનગરપાલિકા |
| 25 | વોર્ડ નં. ૩૦ | સેજલ બબલુ પાંડે | સુરત મહાનગરપાલિકા |
| 26 | વોર્ડ નં. ૩૦ | દિવ્યેશ નરેશભાઈ વીરા | સુરત મહાનગરપાલિકા |

# કાલે રાજ્યના અનેક જિલ્લાઓમાં પવન સાથે વરસાદની શક્યતા

**ગુજરાતમાં ગરમીનો મિજાજ યથાવતઃ ૪ શહેરોમાં ૩૫ ડિગ્રી તાપમાન**

અમદાવાદઃ ગુજરાતમાં હાલ મિશ્ર ઋતુનો માહોલ જોવા મળી રહ્યો છે. રાજ્યના અનેક શહેરોમાં ગરમીનો પારો ૩૫ ડિગ્રી સુધી પહોંચી ગયો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૭ એપ્રિલથી નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગલે ફરી એકવાર વરસાદી માહોલ જામવાની આગાહી કરી છે. અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદ સૌથી ગરમી નોંધાવવા પામી છે. હવામાન વિભાગ મુજબ આગામી ૩ દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં, પરંતુ ત્યારબાદ મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, અત્યારે રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધ્યું છે. જેમાં ખાસ કરીને અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં સૌથી વધુ ૩૫ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. અન્ય શહેરો પૈકી ભૂજ, ગાંધીનગર, વડોદરા, સુરત અને કેશોદમાં ૩૪ ડિગ્રી, જ્યારે નલિયા, ભાવનગર અને ડીસામાં ૩૧ થી ૩૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગ મુજબ મધ્ય પાકિસ્તાન અને આસપાસના પંજાબ વિસ્તારમાં 3.1 થી 4.5 કિમી ઊંચાઈએ સાયક્લોનિક સર્ક્યુલેશન સાથે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે. આ સાથે મધ્ય અને ઉચ્ચ ટ્રોપોસ્ફિયરમાં ટ્રફ લાઇન પણ સક્રિય છે, જેનો અક્ષ આશરે 73 પૂર્વ રેખાંશ અને 28 ઉત્તર અક્ષાંશના ઉત્તરમાં 5.8 કિમી ઊંચાઈએ વિસ્તરેલો છે. વધુમાં, 7 એપ્રિલથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અસરકારક બનવાની શક્યતા છે.

8 એપ્રિલે વરસાદનું 'યલો એલર્ટ'

૭મી એપ્રિલથી વાતાવરણમાં પલટો આવવાની શરૂઆત થશે, જેની અસર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના સરહદી વિસ્તારોમાં વધુ જોવા મળશે. ખેડૂતોને આ વરસાદી આગાહીને ધ્યાને રાખી પકવેલો માલ સુરક્ષિત સ્થળે ખસેડવા સલાહ આપવામાં આવી છે. નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ૮મી એપ્રિલે રાજ્યના અનેક જિલ્લાઓમાં ૩૦ થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે, જેના માટે 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાત રિજનઃ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુર.

- સૌરાષ્ટ્ર-કચ્છઃ જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે.

# ડિંડોલીમાં સળગતા કચરાથી મંડપનો સામાન બળી ગયો

સુરતઃ શહેરના ડિંડોલી વિસ્તારમાં આજે રવિવારે સવારે આગની ઘટના સામે આવી હતી. મધુરમ સર્કલ નજીક આવેલા સ્વામિનારાયણ પાર્ટી પ્લોટ ખાતે અચાનક ઘાસ અને કચરો સળગતા આગ ફાટી નીકળી હતી. આ આગની ઘટનામાં અંદાજે 20 જેટલી ખુરશીઓ અને બે સોફાને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે, આ બનાવમાં કોઈ જાનહાનિ કે ઈજા નોંધાઈ નથી. ફાયર વિભાગ દ્વારા આગ લાગવાના કારણોની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, સળગતા કચરાની આગ ધીમે ધીમે ફેલાઈને નજીકમાં મુકેલા મંડપના સામાન સુધી પહોંચી ગઈ હતી. આગના કારણે ખુરશીઓ અને સોફા સહિતનો સામાન ઝપેટમાં આવી ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સુરતમાં છેલ્લા કેટલાક સમયથી આગની ઘટના વધી રહી છે. જેનું એક કારણ કચરો પણ છે. જે સળગતા આગ લાગી રહી છે. જેની સફાઈ જરૂરી છે.

# ઈન્કમ ટેક્સ રિટર્નની મુદત વધારવા ટેક્સ નિષ્ણાતોનો મત

**પગારધારક ટેક્સપેયર માટે સમયનો અભાવ, ટીડીએસ માહિતી મોડેથી અપડેટ થવાના પ્રશ્નો**

સુરતઃ ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની હાલની મુદત અંગે સુરતમાં ફરી ચર્ચા તેજ બની છે. હાલ પગારધારક ટેક્સપેયર માટે રિટર્ન ભરવાની અંતિમ તારીખ 31 જુલાઈ યથાવત હોવાથી સમયનો અભાવ, ફોર્મ-16 મોડું મળવું અને TDS માહિતી મોડેથી અપડેટ થવાના પ્રશ્નો સામે આવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં મુદત વધારવાની માંગ ઊઠવા પામી છે.

છેલ્લા બજેટમાં નોન-ઓડિટ બિઝનેસ રિટર્ન માટે મુદત 31 ઓગસ્ટ કરવામાં આવી હતી, પરંતુ પગારદાર વર્ગ માટે હજુ પણ 31 જુલાઈની જ સમયમર્યાદા છે.

ટેક્સ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે આ તફાવતને કારણે દર વર્ષે લાખો લોકો લાસ્ટ મોમેન્ટ ફાઈલિંગમાં મુશ્કેલી અનુભવે છે.

### રિટર્નની સમયમર્યાદામાં ફેરફાર જરૂરી

TDS સ્ટેટમેન્ટ, બેંક વ્યાજ, ફોર્મ-26 AS અને AIS જેવી વિગતો ઘણીવાર જુલાઈ સુધી પૂર્ણપણે અપડેટ થતી નથી. તેથી સમય વધારવાથી ટેક્સપેયર સાચી માહિતી સાથે રિટર્ન ફાઈલ કરી શકશે અને ભૂલની સંભાવના ઘટશે. રિટર્નની સમયમર્યાદામાં આ મુજબ ફેરફાર કરી શકાય.

- પગારદારક ટેક્સપેયર - 31 ઓગસ્ટ
- ઓડિટને પાત્ર ન હોય તેવા ધંધાકીય/વ્યવસાયિક ટેક્સપેયર- 30 સપ્ટેમ્બર
- ઓડિટ રિપોર્ટ ફાઈલ કરવાની મુદત- 31 ઓક્ટોબર
- ઓડિટ કેસમાં રિટર્ન ફાઈલ કરવાની મુદત- 30 નવેમ્બર

## અનુસંધાન ... પાના છેલ્લાનું

**રાજ્યભરની પ્રા....**

લાવવા માટે સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને તૈયાર પેપર મોકલવામાં આવ્યા છે, જ્યારે ખાનગી શાળાઓને પણ નિયત માળખા મુજબ પ્રશ્નપત્ર તૈયાર કરવાની ફરજિયાતી કરવામાં આવી છે. પેપર ચેકિંગની પ્રક્રિયા દરેક શાળા સ્તરે જ પૂર્ણ કરવાની રહેશે.

**આજથી ઉમેદવારી...**

જિલ્લા પંચાયત માટે ૯ અને તાલુકા પંચાયત માટે ૨૨ કેન્દ્રો નક્કી કરાયા છે. દરેક ઉમેદવારને એક ફોર્મ માટે ૫૦ રૂપિયા ચૂકવવાના રહેશે. ચૂંટણીની જાહેરાત સાથે જ રાજકીય ગરમાવો પણ વધી ગયો છે. વિવિધ રાજકીય પક્ષોમાં ટિકિટ મેળવવા માટે દાવેદારોમાં ભારે દોડધામ શરૂ થઈ ગઈ છે. ખાસ કરીને મહાનગર પાલિકા ઉપરાંત જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો માટે પણ આ વખતે જોરદાર સ્પર્ધા જોવા મળી રહી છે. ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૧ એપ્રિલ નક્કી કરવામાં આવી છે, જ્યારે ૧૩ એપ્રિલે ફોર્મની ચકાસણી થશે. ૧૫ એપ્રિલ સુધી ઉમેદવારો પોતાનું નામ પરત ખેંચી શકશે. ત્યારબાદ ૨૬ એપ્રિલે મતદાન અને ૨૮ એપ્રિલે મતગણતરી યોજાશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૩૦ એપ્રિલે પૂર્ણ થશે.

**સગર્ભા પત્નીની...**

રૂ. 1,00,000 રોકડા અલમારીના ડ્રોઅરમાં મૂક્યા હતાં. જે ગાયબ થઇ ગયા હતાં. ઘરમાં છેલ્લા બે મહિનાથી વાસણ-પોતાનું કામ કરવા આવતી દર્શનાબેન બોરસે (રહે. સંજય નગર, લિંબાયત) પર શંકા જતા પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. ગોડાદરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વિજય ગોહિલે માહિતી આપતા જણાવ્યું હતું કે કાપડ વેપારીની પત્ની સગર્ભા હોવાથી ઘરકામમાં મદદ માટે દર્શનાને કામે રાખી હતી. પોલીસે આરોપી દર્શના બોરસેની ધરપકડ કરી છે અને ચોરીનો મુદ્દામાલ રિકવર કરવા તજવીજ હાથ ધરી છે.

**ગોડાદરા પોલીસ...**

હતી. શ્રવણ જોશીને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે પોલીસ સ્ટેશન બહાર 'આપ'ના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને પોલીસ કામગીરી સામે રોષ વ્યક્ત કર્યો હતો. ભાજપના સ્થાનિક કોર્પોરેટર અમિત સિંહ રાજપૂત દ્વારા શ્રવણ કુમાર જોશી વિરુદ્ધ બદનક્ષીની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ફરિયાદના સંદર્ભમાં જવાબ રજૂ કરવા માટે ગોડાદરા પોલીસે શ્રવણ જોશીને તેડું મોકલ્યું હતું. રવિવારે જ્યારે તેઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા, ત્યારે તેમની પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન અચાનક તેમની તબિયત લથડી હતી.

**ઊલટી અને ચક્કર આવ્યા બાદ બેભાન થયા**

સૂત્રોના જણાવ્યા અનુસાર, પૂછપરછ દરમિયાન શ્રવણ જોશીને અચાનક ચક્કર આવવા લાગ્યા હતા અને તેમણે ઊલટી કરી હતી. જોતજોતામાં તેઓ બેભાન થઈ ગયા હતા. હાલ તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ તબીબો દ્વારા વિવિધ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

**'આપ'ના કાર્યકર્તાઓનો પોલીસ પર આક્ષેપ: 3 કલાક સુધી ટોર્ચર કરાયા**

ઘટનાની જાણ થતાં જ આમ આદમી પાર્ટીના સ્થાનિક નેતાઓ અને કાર્યકર્તાઓ હોસ્પિટલ અને પોલીસ સ્ટેશન ખાતે દોડી આવ્યા હતા. કાર્યકર્તાઓએ ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, શ્રવણકુમાર જોશીને છેલ્લા ત્રણ કલાકથી સતત પૂછપરછના નામે માનસિક દબાણ આપવામાં આવતું હતું. ભાજપના ઈશારે પોલીસ તેમને હેરાન કરી રહી છે. એક સામાન્ય બદનક્ષીના કેસમાં આ પ્રકારે ટોર્ચર કરવું તે લોકશાહીની હત્યા સમાન છે.

**પૂછપરછ નિયમ મુજબ,...**

કરી છે. હાલમાં ગોડાદરા વિસ્તારમાં આ ઘટનાને લઈને રાજકીય ચર્ચાઓ જોર પકડ્યું છે. આગામી દિવસોમાં આ મામલે 'આપ' દ્વારા ઉચ્ચ સ્તરે રજૂઆત કરવામાં આવે તેવી પણ શક્યતા છે.

# લિંક મોકલી બેંક ખાતું સાફ કરતી ગેંગના બે જેતપુરથી ઝડપાયા

**બંને આરોપીના બેંક ખાતામાં દેશભરની 69 ફરિયાદનું કનેક્શન ખુલ્યું**

સુરતઃ અજાણી લિંક મોકલી ફરિયાદીનો મોબાઈલ ફોન હેક કરી, તેમના બેંક એકાઉન્ટમાંથી ઓનલાઈન ૨૮,૦૦૦ રૂપિયાની ઉચાપત કરનાર બે આરોપીઓને પુણા પોલીસે રાજકોટના જેતપુર ખાતેથી ઝડપી પાડ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલા આરોપીઓના બેંક ખાતા સાથે NCCCRP પોર્ટલ પર દેશભરની કુલ 69 જેટલી ફરિયાદો નોંધાયેલી છે.

પુણા પોલીસમથકે નોંધાયેલી વિગત મુજબ, ફરિયાદીના મોબાઈલ પર એક અજાણી લિંક આવી હતી. આ લિંક પર ક્લિક કરતાંની સાથે જ તેમનો મોબાઈલ ફોન અજાણ્યા હેકર્સ દ્વારા હેક કરી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ, ફરિયાદીની જાણ બહાર તેમના બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ રૂ.૨૮,૦૦૦ ઉપાડી લેવામાં આવ્યા હતા. આ ગુનામાં તપાસ કરતી પુણા પોલીસ જેતપુર પહોંચી હતી અને ત્યાંથી બે આરોપીઓની ધરપકડ કરી હતી. આ ગેંગમાં અન્ય કેટલા શખ્સો સામેલ છે અને તેમણે અત્યાર સુધી કુલ કેટલા રૂપિયાની છેતરપિંડી કરી છે, તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

ઝડપાયેલા આરોપીઓમાં

જગદીશભાઈ ત્રિકમદાસ લાલવાણી (ઉં.વ.૨૭) જે મુખ્ય બેંક એકાઉન્ટ હોલ્ડર છે, જેના ખાતામાં છેતરપિંડીના નાણાં જમા થતા હતા.

જય જગદીશભાઈ લાલવાણી (ઉં.વ.૨૭) (બંને આરોપી રહે., ૦૪, સાનીધ્ય શ્રીપાર્ક ટેનામેન્ટ, જેતપુર, જિ.રાજકોટ)નો સમાવેશ થાય છે.

પોલીસની તપાસમાં સૌથી ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે, આરોપીઓ દ્વારા જે બેંક ખાતાનો ઉપયોગ કરવામાં આવતો હતો, આરોપીઓ સામે અત્યાર સુધીમાં કુલ ૬૯ જેટલી ફરિયાદો નોંધાઈ ચૂકી છે.

# ઉધનામાં ધર્મજીવન સોસાયટીમાં જર્જરિત મકાનની બાલ્કની ધરાશાયી

સુરત : સુરત શહેરના ઉધના વિસ્તારમાં આવેલી ધર્મયુગ સોસાયટીમાં આજે વહેલી સવારે એક જર્જરિત મકાનની બાલ્કની અચાનક ધરાશાયી થતા ભયાનક દુર્ઘટના સહેજમાં ટળી હતી. મકાન નંબર 281A ની બાલ્કનીનો મોટો ભાગ ધડાકાભેર નીચે ખાબકતા આસપાસના લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, બાલ્કનીનો ભાગ તૂટી પડતા કોંક્રિટ અને લોખંડના સળિયાનો ભારે કાટમાળ સીધો નીચે પાર્ક કરેલી બાઈક પર પડ્યો હતો, જેના કારણે બાઈકને નુકસાન પહોંચ્યું છે. ઘટનાસ્થળે કાટમાળ ફેલાઈ જતાં લોકો દોડી આવ્યા હતા. સદનસીબે, ઘટના વહેલી સવારે બની હોવાથી ત્યાં કોઈ અવરજવર ન હતી અને રહેણાંક વિસ્તાર હોવા છતાં લોકો ઘરમાં હોવાથી કોઈ જાનહાનિ નોંધાઈ નથી.